# સાયન્સ સિટી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો

## #BeatPlasticPollutionની થીમ પર એક્સપર્ટ ટોક અને પર્યાવરણને અનુકૂળ ચીજવસ્તુઓનું પ્રદર્શન યોજાયું



ગાંધીનગર, તા.૦૫

આજે ગુજરાત સાયન્સ સિટી ખાતે #Beat Plastic Pollutionની થીમ પર વિશ્વ પર્યાવરણ દિવસની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત પ્લાસ્ટિકના દૂષણને ડામવા અંગેનું વક્તવ્ય યોજાયુ હતુ. સાયન્સ સિટીના નોબલ ડોમમાં પ્લાસ્ટિકની વસ્તુઓના વિકલ્પ તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવી અન્ય વસ્તુઓના તેમજ પર્યાવરણને અનુકૂળ વસ્તુઓનું પ્રદર્શન યોજવા માટે ૩૦ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા. જેમાં કાગળ તેમજ અન્ય વનસ્પતિના ઉપયોગથી બનાવવામાં આવેલી હેન્ડબેગ જેવી વસ્તુઓ, ગૌમૂત્ર તેમજ ગાયના છાણમાંથી બનાવવામાં આવતી ધૂપબત્તી જેવી વસ્તુઓ, ગીર ગાયનુ શુદ્ધ ઘી, ડિસ્પોઝેબલ અને બાયોડીગ્રેડેબલ વસ્તુઓ, નેચરલ ડાયટ સિસ્ટમથી રોગ દૂર કરતા યોગ આહાર, વાળની સમસ્યાના નિવારણ માટે ઉપયોગી દવા અને વિવિધ ઔષધિયુક્ત સાબુ જેવી વસ્તુઓ સહિતની પર્યાવરણને અનુકૂળ વસ્તુઓનુંપ્રદર્શન જુદા જુદા સ્ટોલ્સમાં યોજાયું હતું. વન વિભાગના પૂર્વ અધિકારી ભરત પાઠકે કહ્યું કે આપણે આપણા માટે પર્યાવરણની વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ અને એ વસ્તુ બિનઉપયોગી થાય એટલે તેને ફેંકી દઈએ છીએ. આ દરમિયાન કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ રીયુઝ થતાં પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાની પણ પ્રતિજ્ઞા લીધી હતી. આ સાથે સર્પદંશ નિવારણ જાગૃતિ કાર્યક્રમ પણ યોજાયો જેમાં સ્નેકબાઈટ હીલીંગ એન્ડ એજ્યુકેશન સોસાયટીના રૂષિ પાઠકે કયા કયા સાપ ઝેરી છે અને સાપે મારેલા દંશનું નિવારણ કઈ રીતે કરવું તે અંગે નાગરિકોએ માહિતગાર કર્યા. આ તમામ કાર્યક્રમોમાં આશરે ૫૦૦ જેટલા નાગરિકોએ ભાગ લીધો હતો.

# શહેર વસાહત મહામંડળ દ્વારા અસ્થિ વિસર્જન પ્રાર્થના સભાનું આયોજન

ગાંધીનગર, તા.૦૫

ગાંધીનગરમાં સને ૧૯૯૩થી અસ્થિ વિસર્જનની સેવા કરતાં વસાહત મહામંડળ દ્વારા આગામી તા. ૧૦-૬-૨૩ના રોજ સવાર ૯-૧૫ કલાકે પ્રાર્થના સભાનું આયોજન કરાયું છે. આ પ્રસંગે તથા પુષ્પાજંલિ અર્પણ કરવા મૃતકોના સ્વજનોને હાજર રહેવા મહામંડળ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

આ વખતે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના ઉપપ્રમુખ મયૂરભાઈ વ્યાસ તથા મુખ્યમંત્રીના પીઆરઓ ઉદય વૈષ્ણવના યુવાન પુત્ર સ્વ.વશિષ્ઠના અસ્થિ પણ જઈ રહ્યાં છે. જે લઈને મુકેશ શુકલ તથા ઉલ્લાસ વોરા હરિદ્વાર જવા તા. ૧૦-૬-૨૩ ના રોજ હરિદ્વાર મેઈલ ટ્રેન દ્વારા રવાના થઈ તા. ૧૨-૬-૨૩ના રોજ પવિત્ર ગંગાનદીમાં વિસર્જન કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં આજ દિન સુધીમાં કુલ ૪૪,૨૬૦ સ્વર્ગસ્થોના અસ્થિ વિસર્જન કરવામાં સર્વશ્રી મુકેશ શુકલ, શશીકાંત મોઢા, પ્રદિપ સોલંકી, ઉલ્લાસ વોરા, નિલેન્દુ વોરા, અરુણ બુચ, કીશોર જિકાદરા, સુધીર દેસાઈ વિગેરે સેવા આપી છે. પ્રતિ ત્રણ માસે અસ્થિ વિસર્જન સેવામાં હરિદ્વારના મુકેશ શુકલ, શશીકાંત મોઢા, ઉદય ત્રિવેદી, કરસનભાઈ પરમાર, ઉલ્લારા વોરા જઈ રહ્યાં છે જેનું સંચાલન મહામંડળ કરી રહ્યું છે અને તેમાં ગાંધીનગર મહાનગરપાલિકાનો સહકાર મળી રહયો છે.

# માર્ગ-મકાનના વિદ્યુત વર્તૂળમાં વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા.૦૫

આજરોજ ૫ મી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે BeatPlasticPollution કેમ્પેઈન હેઠળ માર્ગ અને મકાન વિદ્યુત વર્તુળ દ્વારા ઈન્સ્ટિટયૂટ ઓફ એન્જિનિયરિંગના સેક્રેટરી દિનેશ નાકરાણી (કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન, હાઈકોર્ટ ડિવિઝન) ના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆત ઓડિશા રેલ દુર્ઘટનાના મૃતકોને બે મિનિટ મૌન પાળે શ્રદ્ધાંજલિ આપીને કરવામાં આવી. કાર્યક્રમમાં ૧૦૦ થી વધુ સરકારી કર્મચારી/અધિકારી ઉપસ્થિત રહ્યા અને આશરે ૫૦ થી વધુ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. સાથે જ તમામ અધિકારી/ કર્મચારીઓએ પ્લાસ્ટિકના વપરાશને ઘટાડવા અને વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવા પ્રસંગોપાત ઉદબોધન કરેલ. આમ રાજય સરકારના કર્મચારી/ અધિકારીઓ દ્વારા વિશ્વ પર્યાવરણ નિમિત્તે ઉપરોક્ત કાર્યક્રમ નિમિત્તે ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડેલ છે.

# દહેગામમાં ધોરણ ૧૨ની વિદ્યાર્થીનીએ આપઘાત કર્યો

ગાંધીનગર,તા.૦૫

દહેગામ માં વધુ એક વિધાર્થીના આપઘાતનો મામલો સામે આવ્યો છે.

દહેગામ માં હરિઓમ સોસાયટીમાં રહેતા એક વિધાર્થીએ આપઘાત કરી લીધો હતો. ત્યારે આજે ગાયત્રી ફાર્મ ખાતે રહેતા એક પરિવારની ધોરણ ૧૨ માં અભ્યાસ કરતી દીકરીએ ઘરે ગળાફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લેતા સમગ્ર પંથકમા ચકચાર મચી જવા પામી છે. હજુ સુધી વિધાર્થીની એ કયા કારણોસર આપઘાત કર્યો તે સામે આવ્યું નથી. પરંતુ દહેગામ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે સ્થળ પર પહોંચી આગળની જરૂરી કાર્યવાહી શરૂ કરી છે.

દહેગામ શહેરના ગાયત્રી ફાર્મમાં રહેતા કાંતિભાઈ પટેલ હિંમતનગર ખાતે નોકરી કરે છે જ્યારે તેમના પત્ની અનિતાબેન શહેરના એક બાઈકના શોરૂમમાં નોકરી કરે છે બંને પતિ-પત્ની નોકરી એ ગયા હતા તે સમયે તાજેતરમાં ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા આપી ૫૦% સાથે પાસ થયેલી તેમની ૧૮ વર્ષીય પુત્રી માનસી તેના ઘરે હતી ત્યારે તે સમયે કોઈ કારણસર તેને ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. માનસીએ તેના ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાની જાણ આસપાસના લોકોને થતા તેઓ ભેગા થઈ ગયા હતા અને આ અંગેની જાણ દહેગામ પોલીસને કરી હતી. જેથી દહેગામ પોલીસનો કાફલો પણ ગાયત્રી ફાર્મ ખાતે દોડી આવી લાશ નો કબજો મેળવ્યો હતો. માનસી કેમ અને કયા સંજોગ આત્મહત્યા કરી છે તે કારણ હજી સુધી જાણી શકાયું નથી.

પોલીસે હાલ લાશને પીએમ માટે દહેગામના સરકારી દવાખાને ખસેડી અકસ્માતે મોત દાખલ કરી ઝીણવટ ભરી તપાસ હાથ ધરી છે. દહેગામમાં વિધાર્થીઓના આપઘાતના બનાવો બનતા હોવાથી વાલીઓમાં પણ પોતાના બાળકોને લઈને ચિંતા પ્રસરી છે. છેલ્લા કેટલાક વર્ષોથી વિધાર્થીઓના આપઘાત વધી રહ્યા છે જે માતા પિતા માટે લાલબત્તી સમાન છે. થોડાક દિવસ અગાઉ પણ શહેરની હરિઓમ સોસાયટીમાં રહેતા પરિવારના એકના એક વ્હાલસોયા દીકરાએ આપઘાત કર્યો હતો.

# સે. ૨૪માં રંગમંચ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૦૫

ગાંધીનગરના સેક્ટર-૨૪માં રંગમંચ ખાતે આજે સવારે યોગ ગૃપના યોગાર્થીઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ૬૦ લીમડાના વૃક્ષોનું વાવેતર કરાયું હતું. શહેરના સી.એ.ઠક્કર મ્યુચ્યુઅલ ફંડ તથા એચ ડી એફસી મ્યુચ્યુઅલ ફંડના ઉપક્રમે આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના સમાપને અલ્પાહારનું આયોજન કરાયું હતું.

# ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને પ્રિ-મોન્સુન- ૨૦૨૩ની બેઠક યોજાઇ



ગાંધીનગ,તા.૦૫

ગાંધીનગર જિલ્લા પ્રિ-મોન્સુન – ૨૦૨૩ની બેઠક જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠકમાં આગામી ચોમાસુ-૨૦૨૩ દરમ્યાન વધુ વરસાદ પડે તો શું તકેદારી રાખવી તેના પર સમીક્ષા કરવામાં આવી હતી. કલેકટરશ્રીએ તમામ તાલુકા, નગરપાલિકા અને મહાનગરપાલિકાના પ્રિ- મોન્સુન પ્લાનની વિગતવાર માહિતી મેળવી હતી. બેઠકમાં કલેકટર શ્રી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, ભારે વરસાદ- વાવાઝોડા સમયે જાનમાલને નુકશાન ન થાય તે માટે નીચાણવાળા વિસ્તારની યાદી, સ્થળાંતર માટેના સ્થળોની યાદી અને તરવૈયાની યાદ ખાસ તૈયાર રાખવી. દરેક ગામના સરપંચ, તલાટી કે સ્વૈચ્છિક સંસ્થાની સંપર્ક નંબરની યાદી પણ તૈયાર કરવાની સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. અતિભારે વરસાદ, પુરના સંજોગોમાં ફસાઇ ગયેલા લોકોને બચાવવા એન.ડી.આર.એફ. કે ભારતીય સેના બોલાવવાની આવશ્યકતા જણાયે તો તેવી એન્જસીઓને મદદરૂપ થવા ઉપયોગી સંશાધનો કર્મચારીઓની યાદી તૈયાર કરવી. તેમજ તાલુકા, ગામવાર રસ્તા, નદીઓ, તળાવો, રેલ્વેલાઇન વિગેરે મહત્વના સ્થાનો દર્શાવતા નકશા તથા ભૌગાલિક પરિસ્થિતિ અને રસ્તાના સામાન્ય જાણકાર એવા અનુભવી કર્મચારીઓની પણ યાદી ખાસ રાખવી. તેની સાથે બચાવ- રાહત કાર્ય માટે વપરાતા ડમ્પર, ડીવોટરીંગ પંપ સેટ, બુલડોઝર, જનરેટર, હોડીઓ, લાઈફ બોયા, લાઈફ જેકેટ વગેરેની ચકાસણી કરી લેવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તેની સાથે અતિભારે વરસાદના સમયે માનવ મૃત્યૃ, પશુ મૃત્યૃના કિસ્સામાં નિયમોનુસાર સહાય ચુકવવાની કાર્યવાહી કરવી. કેશ ડોલ્સ ચુકવણી- ઘરવખરી સહાય ચુકવણી, ફુડ પેકેટ વિતરણ કરવાના સંજોગો ઉભા થાય તેની પહોંચી વળવા તાલુકા કક્ષાએ એન.જી.ઓ.ની એક યાદી રાખવા પણ જણાવ્યું હતું.

# નહેરુ યુવા કેન્દ્ર-ગાંધીનગર અને ગીરફાઉન્ડેશન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



ગાંધીનગર,તા.૦૫

નહેરુ યુવા કેન્દ્ર-ગાંધીનગર, ગીર ફાઉન્ડેશન-ગાંધીનગર, ગાંધીનગર હોમગાર્ડ યુનિટ અને એસ.બી.આઈ.ના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી આરણ્ય ઉદ્યાન, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ જેમાં મુખ્ય અતિથિવિશેષ શ્રી રીટાબેન પટેલ(માન.ધારા સભ્યશ્રી-ગાંધીનગર) તથા શ્રી મનીષાબેન શાહ, સ્ટેટ ડાયરેક્ટર, ને. યુ. કે. સં. ગુજરાત, આર. કે. સુગુર (IFS)ડાયરેક્ટર, ગીર ફાઉન્ડેશન, વી.આર.પ્રજાપતિ, જીલ્લા કમાન્ડેડ, ગાંધીનગર હોમગાર્ડ તેમજ અન્ય મહાનુંભાવો ઉપસ્થિત રહ્યા હતા. મિશન લાઈફ અંતર્ગત ૨૦૦૦થી પણ વધારે વૃક્ષોની વાવણી કરવામાં આવી તેમજ મિલ્ટસ મેળા પ્રદર્શનનું આયોજન કરેલ હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મંથન શાહ, હાર્દિક મોચી તેમજ ગીર ફાઉન્ડેશનનાં અધિકારીઓ દ્વારા કરવામાં આવી.

# મેડિકલ કોલેજ ખાતે સાત વર્ષ પહેલાં વાવેલાં વૃક્ષોનો જન્મદિન ઉજવાયો



ગાંધીનગર, તા.૦૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં તા.૫મી જૂન "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી કરાઇ હતી. પ્રાચીન સંસ્કૃતિ પ્રમાણે વૈશ્વિક સ્તરે પ્રદૂષની સમસ્યા અંગે વિચાર કરવાની સાથે સાથે સ્થાનિક સ્તરે સમસ્યાનું સમાધાન થાય તેવા નાના પ્રયાસોના ભાગરૂપે જી એમ ઈ આર એસ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલના ડોકટરો, તબીબી વિદ્યાર્થીઓ દ્વારા ‘‘પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યના સંરક્ષણ"ની દિશામાં છેલ્લા ૭ વર્ષથી પ્રયાસ ચાલી રહ્યા છે. જે અંતર્ગત સૌથી વધારે પ્રમાણમા કાર્બન ડાયા ેકસાઈડનું શોષણ કરી શકે તેવા પીપળ (૧૦૦%?), વડ, લીમડો, આંબલી , બીલીપત્ર , આમળા , આંબા , ગોલ્ડન બાંબુ – વાંસ ,ઉમરો જેવા વૃક્ષોનું વાવેતર આજથી ૭ વર્ષ પહેલાં કરવામાં આવ્યું હતું. કોલેજ દ્વારા ૭ વર્ષ પહેલા વવાયેલા વૃક્ષોનો આજે ‘‘દૂધ છાશથી અભિષેક કરીને તેનો જન્મદિવસ ઉજવાયો હતો. આ ઉપરાંત અગ્નિહોત્ર યજ્ઞનું પણ આયોજન કરાયું હતું. આ સાથે પ્રદૂષણથી નાના- નાના બાળકોથી માંડીને વૃધ્ધોમાં ફેફસાની તકલીફો વધી રહી છે તેને નિવારવા પંચસ્તરીય ગાઢ જંગલ દ્વારા ‘‘એર કવોલિટી ઈન્ડેકસ’’ સુધારી શકાય તે માટે જુના વૃક્ષોની વચ્ચે તુલસી ,અરડુસી, ગળો, ડોડી, મધુનાશિની, પોઈ જેવા ઔષધિય છોડ ઉપરાંત ઉપયોગી શાકભાજીનું વાવેતર કરી તેના સંવર્ધનનો સંકલ્પ કરાયો હતો.

# કામધેનુ યુનિવર્સિટીનો નવમો પદવીદાન સમારોહ યોજાયો

## પશુચિકિત્સા, ડેરી અને મત્સ્યપાલનના વિદ્યાર્થીઓ પગાર માટે નહીં, પણ દેશ માટે કર્તવ્યભાવથી કામ કરે : રાજ્યપાલ




ગાંધીનગ,તા.૦૫

કામધેનુ યુનિવર્સિટીના નવમા પદવીદાન સમારોહમાં આજે રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજી, કેન્દ્રીય પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રી શ્રી પરષોત્તમભાઈ રૂપાલા અને રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌ-સંવર્ધન અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ્સ અને પદવી એનાયત કરાઈ હતી. ૬૫ વિદ્યાર્થીઓને મેડલ્સ સહિત ૬૭૦ વિદ્યાર્થીઓને પશુચિકિત્સા, ડેરી અને મત્સ્યપાલન શાખાઓના વિવિધ અભ્યાસક્રમોની ડિગ્રી એનાયત કરાઈ હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કામધેનુ યુનિવર્સિટીમાંથી શિક્ષા અને દીક્ષા મેળવનાર વિદ્યાર્થીઓને સમાજ પ્રત્યે સમર્પણભાવથી લોકોના સારા સ્વાસ્થ્ય માટે, પર્યાવરણની રક્ષા માટે, દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના માધ્યમથી ક્રાંતિ માટે અને પરિવાર, સમાજ, રાજ્ય તથા રાષ્ટ્રના કલ્યાણ માટે કર્તવ્યધર્મ બજાવવાની શીખ આપી હતી. દીક્ષાંત ઉદ્‌બોધનમાં કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, દેશના પશુઓની દૂધ આપવાની ક્ષમતા સરેરાશ સાડા ત્રણ લીટર છે. આ એવરેજ સાથે પણ ભારત દૂધ ઉત્પાદનમાં વિશ્વમાં અગ્રેસર છે. દૂધ ઉત્પાદનની સરેરાશ વધીને ૧૦ લીટર થાય એ માટે પશુઓની નસલ સુધારવાની દિશામાં વિદ્યાર્થીઓ કામ કરશે તો આપણા દેશની પ્રગતિને કોઈ નહીં આંબી શકે. કેન્દ્રીય પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ડેરી વિકાસ મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ દીક્ષાંત સમારોહમાં સ્નાતક અને અનુસ્નાતક થતાં વિદ્યાર્થીઓને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, તમારે આ ક્ષેત્રને તમારા કૌશલ્ય થકી આગળ વધારવાનું છે. ભારતની ઈકોનોમીમાં પશુપાલન, મત્સ્ય અને ડેરી ઉદ્યોગ ક્ષેત્રના યોગદાનને વધારવાનું કાર્ય કરવાનું છે.

# રાજકોટ મુકામે ફિનસ્વિમીં હરીફાઈમા ગાંધીનગરના બે હરીફો રાજય કક્ષાએ બે મેડલ મેળવ્યા



ગાંધીનગર,તા.૦૫

પ્રથમ ગુજરાત સ્ટેટ ફીનસ્વિમીંગ ચેમ્પિયનશિપ હરીફાઈ મા ગાંધીનગર ના બે સ્પર્ધકો ઝળક્યા. તા. ૨૧ મે ના રોજ રાજકોટમાં સ્વિમીંગ હરીફાઈ રમાયેલ તેમા શ્રેયશ યાદવ સીલ્વર મેડલ અને હિરેન પરમાર બ્રોન્ઝ મેડલ સાથે ગાંધીનગર નુ તેમજ સેક્ટર ૧૯ જીમખાના નુ નામ ઝળકાવ્યુ છે. તેમના કોચ ભગવાનમીલન યાદવ તેમના એન્ટર રહ્યા હતા ગાંધીનગર સ્વિમીંગ એસોસીએશનના પણ તેમને ધન્યવાદ પાઠવેલા છે.

# હોમગાર્ડઝ દ્વારા માતબર ફાળો એકત્રકરી સદ્‌ગત જવાનના પરિવારને આપાયો



ગાંધીનગર,તા.૦૫

ડભોડા હોમગાર્ડઝ સબ યુનિટના હોમઆર્ડઝ સભ્ય સ્વ.જીતેન્દ્ર ડી. પરમારના અવસાન નિમિત્તે તેઓના પરિવારને હોમગાર્ડઝ સબ યુનિટ, ડભોડા દ્વારા સ્વૈચ્છિક ફાળો રુ.૪૪,૦૦૧/- તથા ડભોડા પોલીસ સ્ટેશન સ્ટાફ તરફથી રૂ.૨૫,૦૦૦/- ની રોકડ સહાય ગાંધીનગર જિલ્લા કામાન્ડન્ટ શ્રી વી. આર. પ્રજાપતિ તથા જિલ્લાના સેકન્ડ ઈન કમાન્ડન્ટ શ્રી સી.એમ.પરમારના હસ્તે સહાય આપવામાં આવી હતી. સદરહુ પ્રસંગે ડભોડા યુનિટના રિટાયર્ડ ઓ.ઈન્ચાર્જશ્રી ડી.એમ.પરમાર, નિવૃત્ત અધિકારી શ્રી કે એલ પરમાર ડભોડા ઓ. ઈન્ચાર્જશ્રી રમેશભાઈ જે. ઠાકોર, જિલ્લા કચેરીના શ્રી દિલીપસિંહ ચાવડા તેમજ ડભોડા યુનિટના એન.સી.ઓઝ. / હોમગાર્ડઝ સભ્યો હાજર રહ્યા હતા.